# ગૂંગળામણમાં 4નાં મોતમાં કંપની માલિક સામે ગુનો

**કોઈપણ** જાતના સેફ્ટીનાં સાધનો વગર કેમિકલ વેસ્ટની ટાંકી સાફ કરવા ઉતારાયા હતા

### 10-10 લાખની સહાયની ખાતરી બાદ મૃતદેહો સ્વીકાર્યા

સુરતઃ વરાછા ખાંડ બજાર વિસ્તારમાં આવેલી રતિહ હાઉસ જ્વેલરી કંપનીમાં ETP (એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ)ની અંડરગ્રાઉન્ડ ટેન્કમાં ઝેરી ગેસના કારણે ચાર લોકોના મોતની ઘટનાએ ભારે ચકચાર મચાવી છે. રવિવારે બનેલી આ દુર્ઘટના બાદ સોમવારે મૃતક કામદારોના પરિવારજનોએ મુખ્ય આરોપી સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધવાની માંગ સાથે સ્મીમેર હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ બહાર ધરણાં પ્રદર્શન કર્યું હતું અને મૃતદેહો સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. અંતે કંપની તરફથી મૃતકોના પરિવારોને 10-10 લાખ રૂપિયાની આર્થિક સહાય આપવાની ખાતરી આપવામાં આવતા મામલો શાંત પડ્યો હતો. ત્યારબાદ પરિવારજનોએ અંતિમ વિધિ માટે મૃતદેહો સ્વીકારી લીધા હતા.

સુરતઃ વરાછા ખાંડબજાર સ્થિત રતિહ જ્વેલરી નામની કંપનીના બેઝમેન્ટ પાર્કિંગમાં કેમિકલ અને પાણીના વેસ્ટેજવાળી ટાંકી સાફ કરવા ઉતરેલા ત્રણ સફાઈ કામદાર અને તેઓને બચાવવા ગયેલા કંપનીના મેન્ટેનન્સ મેનેજરનું ઝેરી ગેસની અસર અને ગુંગળામણના કારણે મોત નીપજ્યું હતું. પ્રાથમિક વિગતો મુજબ, કોઈપણ પ્રકારના સુરક્ષા કે સેફ્ટીના સાધનો વગર કામદારોને ટાંકીમાં ઉતારવામાં આવ્યા હોવાથી આ ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. આ મામલે અશ્વિનીકુમાર પોલીસે જ્વેલરી કંપનીના માલિક અને મેન્ટેનન્સ મેનેજર વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો અને ફરિયાદની વિગતો અનુસાર, રવિવાર હોવાથી ફેક્ટરીમાં રજા હતી. રતિહ જ્વેલરી કંપનીના મેન્ટેનન્સ મેનેજર નિલેશભાઈ વિઠ્ઠલભાઈ સાવલીયા અને કોન્ટ્રાક્ટ રાખનાર મેનેજરના કહેવાથી સવારે ૧૦:૦૦ વાગ્યાના સુમારે ત્રણ કામદાર ટાંકી સાફ કરવા આવ્યા હતા.

જેમાં વિકાસ સંતોષ સોનવણે, વિજયભાઈ ભીખાભાઈ આહિરે અને યોગેશ નાના જાદવનો સમાવેશ થાય છે. આ ત્રણેય યુવાનો જ્વેલરી સાફ-સફાઈના કેમિકલયુક્ત વેસ્ટ સ્ટોરેજની ટાંકીમાં સફાઈ માટે ઉતારાયા હતા. જેમાં તેમનું ગુંગળાઇ જવાથી મોત થયું હતું. . મૃતક વિકાસના ભાઈ આકાશ સંતોષ સોનાવણે (રહે., પંચશીલ નગર, અમરોલી)ની ફરિયાદના આધારે અશ્વિનીકુમાર પોલીસે રતિહ જ્વેલરી કંપનીના માલિક નિલેશભાઈ ઘનશ્યામભાઈ પાંચાણી (રહે., ગોપીન વેલી, મોટા વરાછા)અને મેન્ટેનન્સ મેનેજર નિલેશભાઈ સાવલીયા વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# હોડી બંગલા પાસે મોડી રાત્રે ચપ્પુના ઘા મારી યુવકની ક્રુર હત્યા

**અંગત** અદાવતમાં મોહંમદ શફી ઉર્ફે શેરાએ અલ્તમસને ચપ્પુના ૪થી ૫ ઘા ઝીંકી દીધા

સુરતઃ શહેરના લાલગેટ પોલીસ મથકની હદમાં આવેલા હોડી બંગલા મુસીબતપુરા વિસ્તારમાં સોમવારે મોડી રાત્રે અલ્તમસ નામના એક નિર્દોષ યુવકની ચપ્પુના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી દેવામાં આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી વિગતો મુજબ સોમવારે રાત્રે હોડી બંગલા મુસીબતપુરા વિસ્તારમાં અલ્તમસ નામનો યુવક હાજર હતો, ત્યારે ત્યાં મોહંમદ શફી ઉર્ફે શેરા નામનો ઈસમ ધસી આવ્યો હતો. બંને વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બો લાચાલી અને ઝઘડો થયો હતો.

જોતજોતામાં મામલો એટલો બિચક્યો હતો કે ઉશ્કેરાયેલા આરોપી મોહંમદ શફી ઉર્ફે શેરાએ પોતાની પાસે રહેલું તીક્ષ્ણ ચપ્પુ કાઢી અલ્તમસ પર તૂટી પડ્યો હતો.

આરોપીએ અલ્તમસના શરીર પર એકપછી એક ચારથી પાંચ જેટલા ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા. ચપ્પુના ઉપરાઉપરી ઘા વાગવાને કારણે અલ્તમસ ત્યાં જ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો અને ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ હતી. હુમલો કરી આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સ્થાનિક લોકો અને પરિચિતો દ્વારા ગંભીર રીતે ઘવાયેલા અલ્તમસને તાત્કાલિક સારવાર અર્થે નજીકની લોખાત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે, ત્યાં હાજર તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કરતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ લાલગેટ પોલીસ સ્ટેશનના પીઆઈ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે તેમજ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

લાલગેટ પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક વિગતો મુજબ, પોલીસે ગણતરીના કલાકોમાં જ ત્વરિત કાર્યવાહી કરી મુખ્ય આરોપી મોહંમદ શફી ઉર્ફે શેરાની અટકાયત કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે અને તેની વધુ પૂછપરછ હાથ ધરી છે.

## વૃક્ષ પર કબૂતરોનો જ કબજો



પાણી અને ચણ એ જ પારેવાની જિંદગી હોય છે. સુરતમાં એક સ્થળે આ બંને મળી રહેતા હોવાથી કબૂતરોએ અહીં આવેલા એક વૃક્ષ પર રીતસરનો કબજો કરી લીધો છે. **(તસવીર : સતીષ જાદવ)**

## બાંદ્રા ટર્મિનલને બદલે ચાર ટ્રેન સેન્ટ્રલ સુધી દોડશે

સુરતઃ મુંબઈ સેન્ટ્રલ પર ચાલી રહેલા કામકાજના કારણે કેટલીક ટ્રેનો બાંદ્રા ટર્મિલ સુધી જ દોડવવામાં આવતી હતી જે હવે સેન્ટ્રલ સુધી દોડશે. પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનના જણાવ્યાનુસાર હવે ટ્રેન નં.૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ એક્સપ્રેસ, ટ્રેન નં.૨૨૨૧૦ હજરત નિઝામુદ્દીન-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ, ટ્રેન નં.૦૯૧૮૬ કાનપુર અનવરગંજ-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસ અને ટ્રેન નં.૨૧૯૦૮ કાઠગોદામ-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસ પોતાની નિયમિત સમયસારણી અને નિર્ધારિત માર્ગ પર દોડશે.

# નશાની ગોળી વેચતો મેડિકલ સંચાલક ઝડપાયો

સુરતઃ લિંબાયત પોલીસ સ્ટેશનની ટીમને અગાઉ નોંધાયેલા NDPSના એક ગુનામાં નશાકારક ગોળીઓનો જથ્થો સપ્લાય કરનાર મેડિકલ એજન્સીના ધારકને ઝડપી પાડ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, લિંબાયત પોલીસની સર્વેલન્સ ટીમો અલગ-અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન એક ટીમને ચોક્કસ બાતમી મળી હતી, જેના આધારે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. લિંબાયત પોલીસ મથકે અગાઉ નોંધાયેલા એક ગુનામાં પોલીસે ગેરકાયદે રીતે રાખવામાં આવેલી ALPRAZEP 0.5 (બેચ નં. 260233)ની ૨૦ નંગ ગોળી તથા ALPRASCEN-0.5ના ૫ પત્તામાં રહેલી ૫૦ નંગ ગોળી મળી કુલ ૭૦ નંગ નશાકારક પ્રતિબંધિત ગોળીઓ, જેની કિંમત રૂ.૩,૫૦૦ થાય છે, જપ્ત કરી હતી. આ કેસની ઊંડાણપૂર્વક તપાસ દરમિયાન આ નશાકારક ગોળીઓનો સપ્લાય કરનાર તરીકે મેડિકલ એજન્સી સંચાલક પિયુષ મનોજે ભદાણે (રહે., શ્રદ્ધા સોસાયટી, ડિંડોલી)નું નામ સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસે મળેલી બાતમીના આધારે આજે પિયુષ મનોજે ભદાણેને ઝડપી પાડી વધુ તપાસ શરૂ કરી છે.




# દારૂ ભરેલી કારે મોપેડ ચાલકને ઉડાવ્યો

**વૈભવી** કારમાંથી બ્લેક ડોગ સેન્ટેનરી બ્લેક રિઝર્વ' દારૂની બોટલ મળી આવી

**મોપેડ** સવારને માથામાં ગંભીર ઇજા, પીપલોદનો કાર ચાલક વેપારી ઝડપાયો

સુરતઃ પીપલોદ ઇસ્કોન મોલની સામે ગત મોડી રાત્રે એક પૂરપાટ ઝડપે આવી રહેલી વૈભવી કિયા (KIA) કારના ચાલકે એક્ટિવા સવારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે એક્ટિવા સવાર રોડ પર ફંગોળાયો હતો અને તેને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. આ ઘટનામાં ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે, અકસ્માત સર્જનાર કારની ડેકીમાંથી બ્લેક ડોગ સેંટેનરી બ્લેક રિઝર્વ' દારૂની બોટલોનો મોટો જથ્થો મળી આવતાં સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. પોલીસે ગણતરીના કલાકમાં આરોપીને પકડી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ રાત્રિના સમયે સર્જાયેલા આ અકસ્માત બાદ આસપાસના સ્થાનિક રહીશો અને વાહનચાલકો ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા. લોહીલુહાણ હાલતમાં એક્ટિવા ચાલકને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ લોકોનું ટોળું એકઠું થઈ જતાં પકડાઈ જવાની બીકે કિયા કારનો ચાલક પોતાની વૈભવી ગાડી ઘટના સ્થળે જ બિનવારસી હાલતમાં મૂકીને રફુચક્કર થઈ ગયો હતો. જો કે, રોષે ભરાયેલા લોકોએ જ્યારે કારની તલાશી લીધી ત્યારે તેની ડિકીમાંથી બ્લેક ડોગ સેન્ટેનરી બ્લેક રિઝર્વ' ઇંગ્લિશ દારૂની સીલબંધ ૧૦ બોટલ મળી આવી હતી. ડ્રીંક એન્ડ ડ્રાઈવની આ ઘટનાએ પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવાઓ સામે પણ સવાલો ખડા કર્યા છે. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો તાબડતોબ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત મોપેડ અને દારૂ ભરેલી કિયા કારને કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કારના રજિસ્ટ્રેશન નંબર અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં, જેમાં અકસ્માત સર્જનાર ચાલક આશુ સુનીલકુમાર અગ્રવાલ (ઉ.વ.૩૩) (રહે.,આયુશી આવાસ સોસાયટી, ઇસ્કોન મોલની પાછળ, પીપલોદ) હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી વેપારીને દબોચી લીધો હતો અને તેની વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આ મામલે પોલીસે આરોપીએ નશો ન કર્યો હોવાનું રટણ કર્યું હતું. આરોપી ટેક્સટાઇલ વેપાર સાથે સંકળાયેલો છે અને દમણથી મિત્રો સાથે પાર્ટી કરવા દારૂનો જથ્થો લાવ્યો હોવાનું જણાવ્યું હતું.

## RTOના નકલી મેમો મોકલી ઠગાઇ કરનાર ઝડપાયો

સુરતઃ RTOના મેમોને નામે ઠગાઈ કરનારને સિંગણપોર પોલીસે એમપીથી ઝડપી લીધો છે. ચલાન ભરવાના નામે નકલી એપ્લિકેશનની ફાઈલ મોકલીને એક નાગરિક સાથે રૂ.૧,૦૬,૦૦૦ની ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવી હતી. તેમણે સિંગણપોર પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી. ફરિયાદીએ તેમના એક્સિસ બેન્કના ખાતામાંથી રૂ.૬,૫૦૦ અને બેન્ક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.૯૯,૫૦૦ મળીને કુલ રૂપિયા ૧,૦૬,૦૦૦ ઓનલાઈન સેરવી લીધા હતા.આ કેસમાં પોલીસની ટીમને મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં મોકલવામાં આવી હતી. પોલીસે ત્યાં દરોડો પાડીને મુખ્ય આરોપી વિષ્ણુ ભુતરામ (પુત્ર ભરત અહિરવાર)ને આબાદ ઝડપી લીધો હતો.

# આકરા તાપમાં સમિતિની શાળાનાં બાળકોનો પહેલો દિવસ ગયો

**જમીન** પર ભણવા બેસી ભણતા વિદ્યાર્થીઓનો વિડીયો વાયરલ

**હાઇટેકના** દાવા વચ્ચે સમિતિનાં બાળકો પતરાના શેડ નીચે ભણવા મજબૂર



સુરતઃ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વહીવટ અને શૈક્ષણિક સુવિધાઓ અંગે ગંભીર સવાલો ઊભા કરતી ઘટના ઉત્રાણ વિસ્તારની શાળા ક્રમાંક-354માં સામે આવી છે. નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે જ વિદ્યાર્થીઓને યોગ્ય વર્ગખંડ ઉપલબ્ધ કરાવવાના બદલે ધગધગતા પતરાના શેડ નીચે જમીન પર બેસાડી અભ્યાસ કરાવવામાં આવ્યો હોવાના આક્ષેપો વચ્ચે વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે.

સોમવારે શાળાના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પરંતુ પૂરતી વ્યવસ્થા ન હોવાના કારણે ફૂલ જેવા માસૂમ બાળકોને ખુલ્લા પતરાના શેડ નીચે બેસાડવામાં આવ્યા હતા. ગરમીને તેમની આંખોમાંથી આંસુ પણ સરી પડ્યાં હોવાનું વાલીઓએ જણાવ્યું હતું. ફરતા થયેલા વિડીયોમાં બાળકો પતરાના શેડ નીચે બેસીને બેગમાંથી ચોપડા કાઢી અભ્યાસ કરતા જોવા મળતા હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ સમગ્ર મામલે શિક્ષણ સમિતિના શાસકોએ બચાવ કરતા જણાવ્યું હતું કે, પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી પતરાના શેડ નીચે માત્ર પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તમામ બાળકોને વર્ગખંડોમાં મોકલી દેવામાં આવ્યાં હતાં.

# સ્વચ્છતા સર્વેક્ષણ ટીમનું મેરેથોન નિરીક્ષણ પૂર્ણ

**પાંચ** ટીમે બે સપ્તાહ સુધી 350થી વધુ સ્થળોની ચકાસણી કરી, 2,500થી વધુ નાગરિકોનો રૂબરૂ ફીડબેક લીધો

સુરતઃ સ્વચ્છતા સર્વેક્ષણ 2025-26 અંતર્ગત સુરતમાં કેન્દ્રીય નિરીક્ષણ ટીમો દ્વારા હાથ ધરાયેલા બે સપ્તાહ લાંબી સરવે અને ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. આ દરમિયાન શહેરભરમાં 350થી વધુ સ્થળોની મુલાકાત લઈ વિવિધ સ્વચ્છતા માપદંડોના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય નિરીક્ષણ ટીમોએ સર્વેક્ષણ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં સ્થળ મુલાકાતો, પ્રોજેક્ટ નિરીક્ષણ અને નાગરિક પ્રતિસાદ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. 350થી વધુ સ્થળોનું નિરીક્ષણ કરીને ટીમોએ પોતાના અવલોકનો અને નોંધો તૈયાર કરી છે. સરવે દરમિયાન 25થી વધુ કોમર્શિયલ વિસ્તારો, પે એન્ડ યુઝ શૌચાલયો, 25થી વધુ ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ વાહનો, 30 જેટલા રહેણાંક વિસ્તારો અને સોસાયટીઓની મુલાકાત લેવામાં આવી હતી.

ઉપરાંત સ્ટ્રીટ ફૂડ વેન્ડિંગ ઝોન, ટ્રાન્સફર સ્ટેશન, બાગ-બગીચા, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ લેન્ડફિલ સાઈટોનું પણ વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. 2,500થી વધુ નાગરિકોનો સ્થળ પર જ રૂબરૂ ફીડબેક લેવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. મનપા દ્વારા અગાઉથી રજૂ કરાયેલા દસ્તાવેજો, સ્વચ્છતા સંબંધિત કામગીરીના પુરાવા અને કેન્દ્રીય ટીમોની સ્થળ મુલાકાતોના આધારે હવે અંતિમ મૂલ્યાંકન કરવામાં આવશે.

# બાળકી સાથે અડપલાં કરનારને સાત વર્ષની સજા

**છ વર્ષની** બાળાને આઈસક્રીમ ખવડાવી અડપલાં કરતો કેમેરામાં કેદ થયો હતો

સુરતઃ છ વર્ષની માસૂમ બાળાને આઈસ્ક્રીમ અપાવવાનાં બહાને ખુરશીમાં બેસાડી શારિરીક અડપલાં કરનાર લિંબાયતનાં આરોપી અંકિતકુમાર તેજપાલસિંહ (ઉ.વ.૨૪) ને સ્પેશિયલ પોકસો કોર્ટે સાત વર્ષની સજા અને રૂપિયા ૩૫ હજારનો દંડ ફટકાર્યો હતો. આરોપી મીઠાઈ બનાવવાનું કામ કરતો હતો. આ કેસની વિગત મુજબ તા.૧૯.૦૧.૨૦૨૪ ના રાત્રે આઠેક વાગ્યે ફરીયાદીની દિકરી ઘરની બહાર રમતી હતી ત્યારે આરોપી અંકિત ભોગ બનનાર બાળાનું મોઢું દબાવી લઈ જઈ ચોકલેટ આપી દુકાન પર લઈ જઈ ખુરશીમાં બેસાડીને આઈસ્ક્રીમ ખવડાવી શારિરીક અડપલા કર્યા હતા. આરોપીની આ હરકતો સીસીટીવી કેમેરા કેદ થઈ હતી. જેથી ભોગબનનારની માતાએ તા.૨૧.૦૧.૨૦૨૪ ના રોજ લિંબાયત પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

આ કેસમાં સરકારી વકીલ વિશાલ ફળદુ ફરિયાદ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. પોકસો કોર્ટનાં જજ હિતેષકુમાર મુકુંદરાય વ્યાસે આરોપીને તકશીરવાર ઠેરવી સાત વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.ભોગ બનનાર બાળા સાથેની અન્ય બાળાએ તુરંત ઘરે આવીને ભોગ બનનારને એક આદમી જબરજસ્તી ગોદમાં ઉઠાવી લઈ જવાની જાણ કરતાં પરિવાર દોડ્યું હતું અને આ બાળાને કારણે ભોગ બનનાર બાળા સાથે અન્ય કોઈ ગંભીર ઘટના બની ન હોવાની નોધ પણ કોર્ટે લીધી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરત ક્ષત્રિય યુવકમંડળ દ્વારા અધિક માસના પાંચ રવિવાર ભોજન પ્રસાદીનું આયોજન કરાયું



સુરતઃ સુરત ક્ષત્રિય યુવક મંડળ દ્વારા દર માસે અન્ન સહાય લેતા ૩૫૦ જરૂરિયાતમંદ કુટુંબો માટે મંડળના પ્રમુખ જનકભાઈ કાચીવાલા તથા કમિટી સભ્યો દ્વારા દાતાઓના સહકારથી અધિક માસ નિમિત્તે પાંચ રવિવાર ભોજન પ્રસાદીનું આયોજન કર્યું હતું. જેમાં શહેરના પ્રથમ નાગરિક મેયર માયા માવાણી ઉપસ્થિત રહ્યા હતા અને પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું હતું. કાર્યક્રમમાં શૈલેષ જરીવાળા, આશિષ રંગુનવાળા તેમજ મહેશ કાપડીયા પણ હાજર રહ્યા હતા.

### સુરત મૈસુરીયા સમાજ દ્વારા રાહતદરે નોટબૂકનું વિતરણ કરાયું



સુરતઃ સુરત મૈસુરિયા સમાજ દ્વારા રાહત દરે નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું અને વાર્ષિક અહેવાલ આપવામાં આવ્યો હતો. સાથે સાથે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

### શ્રી માહ્યાવંશી વેલફેર એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટનો તેજસ્વી તારલાના સન્માનનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ શ્રી માહ્યાવંશી વેલ્ફેર એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા તા.7મી જુન, રવિવારે સમાજના તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ હાજર રહ્યા હતા. તમામ હોદ્દેદારો અને વિદ્યાર્થીઓને શ્રી માહ્યાવંશી અર્બન કો ઓપ ક્રેડિટ સોસાયટી સુરત દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### શ્રી કોંઝર ગ્રામસ્થ મંડળ, સુરતની રવિવારે સાધારણ સભા

સુરતઃ શ્રી કોંઝર ગ્રામસ્થ મંડળ, સુરતની વાર્ષિક સાધારણ સભાનું આયોજન આગામી તા.14મી જુનના રોજ રવિવારે બપોરે 3.00 વાગે ડીશ્રી ડાન્સ એકેડેમી, 161, પહેલો માળ, ઓર્ચિડ હારમોની, પાલનપુર ફાયર સ્ટેશન સામે, ગૌરવ પથ રોડ, પાલનપુર ખાતે કરવામાં આવ્યું છે તેમ પ્રમુખ રમેશ શંકર અનિકે દ્વારા જણાવાયું છે.

### મલ્હાર પરિવારે 8 વર્ષ પૂરા થતાં ગીતોના કાર્યક્રમથી ઉજવણી કરી



સુરતઃ સુરતના મલ્હાર પરિવારે 8 વર્ષ પુરા કર્યા તેની ખુશાલીમાં ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સતત ચાર કલાક ચાલેલા કાર્યક્રમમાં એડમિન ટીમના મનીષભાઈ, ઉમેશભાઈ, નિખિલભાઈ, ફારુકભાઈ..કેતનભાઈ, ધર્મેશભાઈ સહિત તમામનો સહયોગ રહ્યો હતો. કાર્યક્રમમાં મલ્હાર પરિવારનો સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સ્મૃતિભેટનું આયોજન ગીતાબેન ઠક્કર અને એલીના દ્વારા કરાયું હતું. જ્યારે કેકનું આયોજન એસીબી આહીર દ્વારા કરાયું હતું. એડમિન ટીમ દ્વારા પરિવારના સભ્યો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### કુરુક્ષેત્ર, તાપીના કિનારે રામકથામાં શિવ-પાર્વતી વિવાહ પ્રસંગની ઉજવણી

સુરતઃ કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ સ્થિત સૂર્ય ઘાટ ખાતે કથાકાર પ્રફુલભાઈ શુક્લની 893મી રામકથા ભક્તિમય માહોલમાં આગળ વધી રહી છે. કથાના સોમવારે શિવ-પાર્વતી વિવાહનો પ્રસંગ ભાવભેર ઉજવાયો હતો. 'માનસ મનોરથી' કાર્યક્રમ દરમિયાન શંકરભાઈ પટેલે શિવજી સ્મશાનમાં કેમ નિવાસ કરે છે, તેવો પ્રશ્ન પૂછ્યો હતો. તેના ઉત્તરમાં પ્રફુલભાઈ શુક્લે મહિમ્ન સ્તોત્રના શ્લોકને ટાંકીને જણાવ્યું કે, જેનું સ્મરણ વધે તેનું મરણ સુધરે છે, તેથી શિવજીને સ્મશાન અતિ પ્રિય છે.આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ગોલ્ડ મેડલિસ્ટ ખેલાડી દીક્ષા વિશાલભાઈ સેલર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કુરુક્ષેત્રના કેવટ કમલેશભાઈ સેલર દ્વારા આયોજિત આ કથામાં હવે આવતીકાલે રામ જન્મ ઉત્સવ ઉજવાશે, જેમાં રામલલ્લાનું પારણું ઝુલાવવાનો કાર્યક્રમ નરેન્દ્રભાઈ પટેલ અને ઈશ્વરભાઈ પટેલના હસ્તે યોજાશે. તાપી કિનારે આયોજિત આ ભક્તિ પર્વમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.

### ભૂતકાળમાં વેપારના ક્ષેત્રે ગ્રાહક સાથે વેપારી ક્યારે પણ જુઠ્ઠું બોલતો નહીં: પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ દક્ષિણ મુંબઈના ઘાટકોપર (પૂર્વ) સાંઘાણીના આરાધના ભવન ખાતે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ અમૃતવાણી વહાવતાં કહ્યું હતું કે, સંખ્યાબંધ અનિષ્ટોને જન્મ આપવાનું કામ વિશ્વાસઘાત નામનું પરિબળ કરે છે. શ્વાસ કરતાં પણ વિશ્વાસ ઊંચું સ્થાન ધરાવે છે. પૂર્વના કાળમાં વિશ્વાસથી બધું જ કામ ચાલતું હતું. પતિને પોતાની પત્ની ઉપર અતૂટ વિશ્વાસ હતો. શીલ, સત્ત્વ અને સદાચારનાં ક્ષેત્રે ક્યારે પણ 'બાર્ગેનીંગ' ચાલતું નહોતું. પૂર્વના સમયમાં શીલરક્ષા માટે પદ્મિની સાથે હજારો રાણીઓએ જૌહર કર્યા હતા. વેપારના ક્ષેત્રે ગ્રાહક સાથે વેપારી ક્યારે પણ જુઠ્ઠું બોલતો નહીં. જે માલ ગ્રાહકે પસંદ કર્યો હોય તે જ માલ આપવાનો એમાં વેપારી કોઈ બાંધછોડ કરતો નહીં. આથી જ ગ્રાહકની પ્રતિક્ષા વેપારીને કરવી નહોતી પડતી.